# Bi 121-OLD TESTAMENT

## પાઠ : ૮ ઈસ્માએલ અને ઈસહાક (ઉત્પત્તિ અધ્યાય ૧૩, ૧૬-૧૮)

આગળનાં પાઠમાં આપણે શીખ્યા કે, એબ્રામ માત્ર ધની હતો એટલું નહિ પરંતુ તેણે દેવ પાસેથી મહાન ખાત્રીદાયક વચનો મેળવ્યા. એબ્રામે મિસર છોડયું અને વચનનાં પ્રદેશ કનાન દેશમાં આવ્યો. આ તેની મુસાફરી સાહસિક હતી. રસ્તામાં ઘણાં સ્થળોએ તેણે વેદી બાંધી ઈશ્વરની આરાધના કરી. માણસને જે જોઈએ તે બધુ જ તેની પાસે હતુ પણ તે નિઃસંતાન હતો. કયારે ઈશ્વરે તેને આપેલા આ વચનને પરિપૂર્ણ કર્યું. એબ્રામે ઈશ્વરે આપેલા દરેક વચનો ઉપર વિશ્વાસ કર્યો તેથી ખુશ થઈને દેવે તેને આપેલા ખાત્રીદાયક વચનનું પુનરાવર્તન કરીને કહયું કે, આકાશનાં તારા જેટલા તારા વંશજો થશે. દેવે કહયું કે, અબ્રામનો વિશ્વાસ તેમની દ્રષ્ટિમાં ન્યાયી સાબિત થયો છે, તો પણ અબ્રામને બાળકો ન હતા. અબ્રામ પોતાનાં ભત્રીજા લોત સાથે મુસાફરી કરતો હતો અને બંને ધનવાન થઈને પુષ્કળ ફુલ્યા-ફાલ્યા. કોઈ એક સ્થળે તેમનાં ઢોરને માટે પુરતુ ઘાસ તથા પાણીની વ્યવસ્થા ન હોવાથી તેમનાં ગોવાળીયાઓવચ્ચે ઝગડો થયો. અંતે અબ્રામ તથા લોતે છૂટ્ટા પડવાનું નકકી કર્યુ. લોતે યર્દન નદીની પૂર્વ તરફનો પાણીથી ભરપુર એવો પ્રદેશ પસંદ કર્યો. જયારે અબ્રામ પર્વતોનાં પ્રદેશ કનાનમાં રહયો. લોતે પોતાનો તંબુ તે જમાનાના દુષ્ટ શહેર સદોમની બાજુમાં બનાવ્યો. તેનાં કાકા અબ્રામ હેબ્રોન શહેરમાં આવ્યા અને ત્યાં દેવની આરાધના માટે વેદી બાંધી.

આશરે દસ વર્ષ પછી સારાએ જાણ્યું કે, ઈશ્વરે આપેલા વચન પ્રમાણે હજુ પણ તેને બાળક નથી. તે જમાનાના રીતરિવાજ પ્રમાણે પોતાની સંતતિ ઉપજાવવા પોતાની દાસીને પોતાનાં પતિને આપવાનો રિવાજ હતો. જે બાળક દાસીની કૂખે જન્મે તે તેની માલીકણનું ગણવામાં આવતું. આથી સારાએ પોતાની દાસી હાગારને અબ્રામને આપી કે જેથી તે તેને સારુ સંતાન ઉપજાવે. જયારે હાગારે જાણ્યું કે, તેણી ગર્ભવતી થઈ છે ત્યારે તેની દ્રષ્ટિમાં તેની શેઠાણી તુચ્છ ગણાઈ. આથી સારાને ગુસ્સો આવ્યો અને તેણે હાગાર સાથે બેહુદુ વર્તન શરૂ કર્યુ. અંતે હાગાર તે સહન કરી શકી નહિ અને ઘર છોડીને નાસી ગઈ. એક સ્થળે તે ખુબ થાકી ગઈ અને જયાં પાણીનો ઝરો હતો ત્યાં આરામ કરવા બેસી. ત્યારે અચાનક દેવનાં દૂતે તેને દર્શન દીધુ અને કહયું "હાગાર તું કયાં જાય છે ? " "હું મારી શેઠાણી સારા પાસેથી નાસી જાઉં છું." દૂતે ફરી તેને કહયું, "તું તારી શેઠાણી પાસે પાછી જા, ને તેને આધીન રહે. હું તારો વંશ ઘણો વધારીશ, ને ન ગણાય એટલે સુધી તે વધશે, તું દિકરો જણશે અને તેનું નામ ઈશ્માએલ પાડશે. તે પોતાનાં લોકો મધ્યે રહેશે અને અન્યની સાથે તેનાં સંબંધો ઉલ્ટા રહેશે. પણ હું તને એટલા

વંશજો આપીશ કે, તું તેને ગણી શકીશ નહિ." (ઉત્પત્તિ ૧૬:૧૦). હાગારે આશ્ચર્ય ચકિત થઈ ને કહયું કે, "મેં દેવને જોયો છે કે જે દેવ મને જુએ છે." આથી તેણે તે જગ્યાનું નામ "બેર લાહાય-રોઈ" એટલે (જે મને જુએ છે તેનો ઝરો) એવુ પાડયું.

દેવે દૂતનાં રૂપમાં આવીને તેની સાથે વાત કરી. આથી હાગાર સારા પાસે પાછી ગઈ

અને અબ્રામ સારુ સંતાન ઉપજાવ્યું. તેણે તેનું નામ "ઈશ્માએલ એટલે દેવ સાંભળે છે" એવું પાડયું. જયારે ઇશ્માએલ જનમ્યો ત્યારે એબ્રામ ૮૬ વર્ષનો હતો. ૧૩ વર્ષ પછી જયારે તે ૯૯ વર્ષનો થયો ત્યારે દેવે તેને દર્શન આપતા કહયું "હું એલ શાદદાઈ એટલે કે, સર્વ સમર્થ દેવ છું. મારી સાથેનો તારો કરાર હું સ્થાપિત કરીશ અને તારું સંતતિ સંખ્યા બળ વધારીશ. તારા વંશજોમાંથી કેટલાએક રાજાઓ થશે. આથી તારુ નામ હવેથી એબ્રામ નહિ પણ 'ઈબ્રાહિમ' કહેવાશે જેનો અર્થ "ઘણા રાષ્ટ્રનો પિતા" થાય છે. હું તારી સાથે જ રહીશ અને આ દેશ હું તને તથા તારા વંશજોને આપીશ. આ કરારનાં ચિન્હ તરીકે તમારા પૈકી દરેક પુરુષની સુન્નત કરવામાં આવે." આથી ઈબ્રાહિમ, તેનો ૧૩ વર્ષનો દિકરો ઈસ્માએલ તથા તેનાં સમગ્ર ઘરનાં પુરુષોની તે જ દિવસે સુન્નત કરાવવામાં આવી. (ઉત્પત્તિ ૧૭:૨૬).

દેવે તેને એમ કહયું કે, હવેથી તારી સ્ત્રીનું નામ સારા નહિ પણ 'સારાહ' કહેવાશે. હું તેને આશીર્વાદ દઈશ, તેણીને દિકરો જન્મશે અને તેણી ઘણા રાષ્ટ્રોની માતા થશે. ઈબ્રાહિમે દેવને કહયું કે, "તે કેમ કરીને શકય બને. હું લગભગ ૧૦૦ વર્ષનો અને મારી સ્ત્રી ૯૦ વર્ષની તેમ છતાં શું અમને બાળકો થશે ? હે દેવ, ઈસ્માએલ તમારા આશીર્વાદમાં જીવતો રહે તે બસ છે." દેવે કહયું કે, "સારાહને દિકરો થશે અને તું તેનું નામ 'ઈસહાક' પાડશે.મારો કરાર હું તેની તથા તેનાં વંશજોની સાથે સ્થાપીશ અને હું તેમનો દેવ થઈશ. તેઓને લીધે આખી પૃથ્વી આશીર્વાદીત થશે. ઈસ્માએલને પણ હું આશીર્વાદ દઈશ. તેમાંથી પણ મોટી દેશજાતિ ઉત્પન્ન થશે. ૧૨ મોટા અધિકારીઓ (સરદારો) તેનાંથી જન્મ લેશે." દેવે ઈબ્રાહિમ સાથે વાત પુરી કરી, અને જતાં રહયા.

થોડા સમય પછી ઈબ્રાહિમ પોતાનાં તંબુનાં દરવાજે બેઠો હતો અને પોતાની આંખો ઉંચી કરીને જોતાં તેણે ત્રણ માણસોને દીઠા. તે તેઓને મળવા દોડયો અને જમીન સુધી નમીને પ્રણામ કરીને કહયું, "મારા સ્વામી મહેરબાની કરી આવો, અને આ ઝાડ નીચે આરામ કરો. તમારા પગ ધોવા હું પાણી આપુ છું અને કંઈક ખોરાક તમારા માટે લાવુ છુ. તમે અહિ તાજા-માજા થાઓ અને પછી તમારી મુસાફરી આગળ વધારજો." તેઓએ પ્રત્યુત્તર આપ્યો કે, "ખુબ સારુ. જેમ તે કહયું છે તેમ તું કર" આથી ઈબ્રાહિમ ઉતાવળે તંબુમાં પાછો ગયો અને સારાહને રોટલી બનાવવા કહયું. જયાં ઢોર હતા ત્યાંથી કુમળુ વાછરડુ લાવીને તેણે નોકરને

આપ્યું કે જેથી તે જમવાનું તૈયાર કરે. જેવો ખોરાક તૈયાર થયો કે તરત મહેમાનોને તેણે પીરસ્યુ. તેણે તેઓને જમતા જોયા અને ત્યાં સુધી તે તેમને માટે ઉભો રહયો. ઈબ્રાહિમ સમજી શકયો કે તેઓ સામાન્ય વ્યકિતઓ ન હતા પરંતુ મનુષ્યનાં રૂપમાં ઈશ્વરે બે દૂતો સાથે તેને દર્શન આપ્યું હતું.

ઉત્પત્તિનો લખનાર ઈશ્વરનાં પ્રકટીકરણને દેવનાં દૂતો, સ્વર્ગદૂતો અથવા દેવ તરીકે સંબોધે છે. તેઓ જમી રહયા કે દેવે ઈબ્રાહિમને પુછયું કે, "તારી પત્ની સારાહ કયાં છે ? " ઈબ્રાહિમે જવાબ આપ્યો કે, "તે તંબુમાં છે." દેવે તેને કહયું કે, "ઠરાવેલા વર્ષે અન સમયે હું પાછો આવીશ અને સારાહને દિકરો થશે."

સારાહ તંબુમાંથી આ વાતને સાંભળતી હતી. તેની ઉંમર ૮૯ વર્ષની હતી. તે મનમાં હસી, કેમકે તેણે સાંભળ્યું કે તેને દિકરો થશે. તેણે વિચાર્યુ કે, "તે અશકય છે. કેમકે હું વૃઘ્ઘ થઈ છું અને હવે બાળક કેમ કરીને જન્મ લે ?" દેવ ઈબ્રાહિમને કહયું, "સારાહ કેમ હસી ? દેવને શું કંઈ અશકય છે ? ઠરાવેલે સમયે હું પાછો આવીશ અને તેણીને દિકરો થશે." જયારે સારાહે આ સાંભળ્યું ત્યારે તણે ડરીને કહયું કે, "હું તો હસી નથી." આથી દેવે કહયું "હા, તું ચોકકસ હસી."

એક જ વર્ષમાં સારાહને ખબર પડી કે, તે ગર્ભવતી છે અને દેવે આપેલું વચન ખરેખર સત્ય ઠર્યુ છે.

આ કથાનકનું મહત્વ એ કારણથી છે કે, તે દર્શાવે છે કે, ખાસ કરીને દેવ પર વિશ્વાસ કરતાં વિશ્વાસીઓનાં જીવનોમાં દરેક સમયો અને ઘટનાઓ દેવની આધિનતામાં છે. દરેકને માટે ઈશ્વર પાસે યોજનાઓ છે અને ઠરાવેલા સમયે તેમની ઈચ્છાઓ તે પુરી કરે છે. કેટલીક ઘટનાઓ આપણી દ્રષ્ટિમાં અશકય છે પરંતુ ઈશ્વરને માટે સર્વ કંઈ શકય છે.

આ વાત દર્શાવે છે કે, જે વિશ્વાસીઓ તેમનાં શબ્દ પર વિશ્વાસ કરે છે તેમને માટે આપેલા વચનો દેવ પુરા કરે છે.

આ પાઠનું પુનરાવર્તન કરતા નીચેનાં પ્રશ્નોનાં જવાબો આપો :

પ્ર.૧ સારાહનાં જીવનમાં જે પ્રશ્ન આવ્યો તે દેવની યોજનાને બદલે પોતાની રીતે કેવી રીતે પુરુ કરવા ચાહયુ ?

(જ) (૬ સેકંડ માટે વિચારો) જો તમારો જવાબ છે કે, – સારાહે કહયું કે, હજુ સુધી મારે દિકરો નથી તેથી મારી દાસી હું એબ્રામને આપીશ, – તો તમે સાચા છો.

પ્ર.૨ ઈબ્રાહિમનો કયો દિકરો દેવનાં વચનને પુરુ કરવાને માટે હતો.

(જ) (૬ સેકંડ માટે વિચારો) જો તમારો જવાબ છે કે, – દેવે કહયું કે મારો કરાર હું ઈસહાક તથા તેનાં વંશજો માટે કરીશ અને હું તેઓનો દેવ થઈશ, – તો તમે સાચા છો.

પ્ર.૩ જયારે સારાહ હસી ત્યાર દેવે કયો પ્રશ્ન કર્યો ?

(જ) (૬ સેકંડ માટે વિચારો) જો તમારો જવાબ છે કે, –"શું દેવને કંઈ પણ અશકય છે ?" – તો તમે સાચા છો.

આ વાત તમારા એવા મિત્રોને જઈને કહો, કે જેઓએ પહેલા સાંભળી નથી. તમારા મિત્રોને પુછો કે, શું તેઓ વિશ્વાસ કરે છે કે આજે પણ સમત્કારો થઈ શકે ? જો તેઓ ના પાડે તો તેઓને જણાવો કે, ઈશ્વર કદી બદલાતા નથી. તેમને મોટી ઉંમરે ઈબ્રાહિમને થયેલા પુત્ર ઈસહાકનાં જન્મની બાબત જણાવો અને ત્યાર પછી તેમને ચમત્કારો ઉપર વિશ્વાસ કરવા પ્રોત્સાહન આપો.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકવા માટે બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુંછોં અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.